॥ कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ॥

॥ अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ॥ ॥ गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ॥

॥ योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ॥ ॥ चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ॥

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

## जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १


**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
**Websiet :** www.kobatirth.org
**Email :** Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આદિનાથાય નમો નમઃ

આર્ય-જય-મહેન્દ્ર-મેરૂતુંગ-ધર્મમૂર્તિ-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણાબ્ધિસૂરીશ્વરેભ્યો નમો નમઃ

# શ્રી અંતરાય કર્મ નિવારણ પૂજા

—: રચયિતા :—


અચલગચ્છાધિપતિ અચલગચ્છદિવાકર તીર્થપ્રભાવક
તપોનિધિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી
ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.


❀

—: સંપાદક :—


અચલગચ્છાધિપતિ તપોનિધિ પ. પૂ. આચાર્ય
ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર
પ. પૂ આચાર્યદેવ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.


❀


ક્રમાંક : ૨૩

—: પ્રકાશક :—

આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા સંચાલિત
"દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ ગ્રન્થ પ્રકાશન કેન્દ્ર"


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિ. સં. ૨૦૩૬
વીર સં. ૨૫૦૬
ઈ. સં. ૧૯૮૦

Serving JinShasan
106639
gyanmandir@kobatirth.org

પ્રત ૧૦૦૦

મુદ્રક :-
અજિત મુદ્રણાલય
સોનગઢ–૩૬૪૨૫૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આદિનાથાય નમો નમઃ

આર્ય-જય-મહેન્દ્ર-મેરૂતુંગ-ધર્મમૂર્તિ-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણાબ્ધિસૂરીશ્વરેભ્યો નમો નમઃ

# શ્રી અંતરાય કર્મ નિવારણ પૂજા

—: રચયિતા :—

અચલગચ્છાધિપતિ અચલગચ્છદિવાકર તીર્થપ્રભાવક
તપોનિધિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી
ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.

❀

—: સંપાદક :—

અચલગચ્છાધિપતિ તપોનિધિ પ. પૂ. આચાર્ય
ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર
પ. પૂ. આચાર્યદેવ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.

❀

—: પ્રકાશક :—

આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા સંચાલિત
"દાદા શ્રી કલ્યાણસાગરસૂરિ ગ્રન્થ પ્રકાશન કેન્દ્ર"

❀

| પ્રકાશન ક્રમાંક | વિ. સં. | આર્યસંવત્ |
|---|---|---|
| ૧૫ | ૨૦૩૬ | ૮૦૭ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ પુસ્તકના દ્રવ્ય સહાયક :—

અચલગચ્છાધિપતિ અચલગચ્છ દિવાકર તીર્થપ્રભાવક તપોનિધિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગર-સૂરીશ્વરજી મહારાજાના પાદરેણુ પ. પૂ. મુનિરાજ શ્રી સર્વોદયસાગરજી મ. સા. ના ઉપદેશથી.

| | |
|---|---|
| ૧. નેણબાઈ વીરજી ચાંપશી | ગામ—કચ્છ ગોધરા |
| ૨. કસ્તૂરબાઈ કેશવજી ચાંપશી | ગામ—કચ્છ ગોધરા |
| ૩ સાકરબાઈ દામજી ખીમજી | ગામ—કચ્છ મેરાઉ |
| ૪. સુંદરબાઈ વિશનજી વજપરા | ગામ—કચ્છ ગોધરા |

## શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના ટ્રસ્ટી


| | |
|---|---|
| પ્રમુખ શ્રીયુત્—રવજી ખીમજી છેડા | શ્રીયુત્ કુંવરજી માલસી હરિ |
| ઉ. પ્ર. ,, જેઠાલાલ વેરસી માલદે | ,, ટોકરસી ભૂલાભાઈ ૦ |
| મંત્રી ,, ખીમજી શીવજી | ,, માણેકલાલ આણું |
| ,, ,, વજપાર હીરજી | ,, ઉમરસી ખીંયશી પોલ |
| સ્થા. મંત્રી શ્રી છગનલાલ દેવચંદ | ,, દેવજી દામજી પે |



| આવૃત્તિ | પ્રત | કિંમત |
|---|---|---|
| પ્રથમ | ૧૦૦૦ | ૧ = ૦૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## * જિન આરતી *

જિન તુજ આરતી બહુ સુખકરી,
ભવિજીવના સવિ દુઃખ હરનારી. જિ૦
દુર્ગતિવારી આરતી તારી, નવનિધિ સહ શુભ ગતિ દાતારી. જિ૦
દેવ અસુર ઇંદ્રાદિ તારી, આરતિ ઉતારે ભાવ વધારી. જિ૦
રાજ-રાજેશ્વર આરતી ઉતારે, સર્વ જીવોને તુજ ભક્તિ તારે. જિ૦
કલ્યાણ મંગલ ઘર ઘર થાવે,
જિનભક્તિએ જન બહુ સુખ પાવે. જિ૦
ગૌતમ-નીતિ-ગુણ કહે આવો,
એક તાનથી જિનગુણ ગાવો. જિ૦

## * મંગલ દીવો *

દીવો રે દીવો જિન ત્રિભુવન દીવો,
નાથ અમારા જિન જુગ જુગ જીવો;
જગત જીવ અજ્ઞાન-તમ-હરા,
જ્ઞાનપ્રકાશ મંગળ કરનારા;
ભાગ્ય અમારા પ્રભુ જાગ્યા પૂરા,
જિન ભેટયા નહિ પુણ્ય અધૂરા;
જન્મ મલ્યો આ માનવ કેરો,
જૈનધર્મ ટાળે ભવ ફેરો;
જિન મુજ ભવહર ચારિત્ર આપો,
દુર્મતિ દુર્ગતિ દુઃખ સવિ કાપો;
ધર્મ મંગળ ઘર ઘરમાં સ્થાપો,
ગૌતમ-નીતિ-ગુણ કહે શિવ આપો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૐ હ્રીં અર્હં મંગલિક સ્તવના કે ધૂન

ૐ હ્રીં અર્હં નમઃ સહુ જપીએ,
આત્મરમણતાએ આગળ ધપીએ;
ક્ષણ ક્ષણમાં બહુ કર્મ ખપીએ,
અર્હં વિણ બીજું ન આલાપીએ. ૐ હ્રીં ૧

અર્હં જાપે વિઘ્ન સવિ જાવે,
દુર્ગતિ દુઃખ વિલય સવિ થાવે;
સર્પ અગ્નિ શ્વાપદ ભય નાવે,
ઋદ્ધિ સિદ્ધિ પગ પગ મળી આવે. ૐ હ્રીં ૨

સિદ્ધચક્ર બીજ મંત્ર એ મોટો,
મંત્રોમાં એનો ન મળે જોટો;
એ જપી મંત્ર ઘો કર્મને સોટો,
ગૌતમ–નીતિ–ગુણ કહે ભવ ખોટો. ૐ હ્રીં ૩

## * પ્રાર્થના *

( રાગઃ—મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું )

હે પરમાત્મન્ મુજ અંતરમાં, કૃપા એવી વરસાવી રહો;
મૈત્રી કરુણા પ્રમોદ ભાવના, માધ્યસ્થ યુત નિત્ય રહો. ૧
સર્વ જીવોનું શુભ કરવાની, ભાવના મુજ દિલ સતત રહો;
દુઃખ પીડિતના દુઃખ હરવાની, ભાવનાભૃત મુજ હૃદય રહો. ૨
હરું નહિ દુઃખ જ્યાં લગી સર્વના, મુજ અંતર દુઃખિત રહો;
સુગુણી સુખી સંતોને દેખી, દિલ મુજ હર્ષ ભરેલ રહો. ૩
દોષ કારક સુધરે નહિ તોપણ, મુજ દિલ સમતા યુક્ત રહો;
ગૌતમ નીતિ ગુણ કહે ચાર એ, ભાવના સવિ જીવ ચિત્ત રહો. ૪

For Private And Personal Use Only

# શ્રી અંતરાય કર્મની પૂજા

દુહો

શંખેશ્વરા જીરાવલ્લા, પ્રણમી શ્રી જિનદેવ
શ્રી ગુરુ ગૌતમ નીતિને, નમી ધરી જિનસેવ....૧

જિનશાસન રસ દિલધરી, ટાળવા તસ અંતરાય;
અંતરાય પૂજા કરો, થાય સ્વપર સુખદાય....૨

દાન લાભ ભોગોપભોગ, વીર્યતણા અંતરાય;
એ પાંચે અંતરાય ભેદ, સર્વ જીવ દુઃખદાય....૩

ઢાળ-૧

તર્જ:—જણંદા પ્યારા મુણીંદા પ્યારા

સર્વજ્ઞો પ્યારા જિનેશો પ્યારા,
પૂજોને સર્વજ્ઞ ભગવાન;
પૂજોને સર્વજ્ઞો પ્યારા જિનેશો પ્યારા.

પાંચ ભેદે અંતરાય વિઘ્નકારી,
પહેલો છે દાન અંતરાય ...પૂજોને૦
દાનાંતરાયથી દાન દેવાનો,
જીવોને ભાવ ન થાય ...પૂજોને ...૧

વીર પ્રભુજીની દેશના સાંભળે,
શ્રેણિકાદિ દિલધાર ...પૂજોને૦

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાવીરને શ્રેણિકને અભયને,
છીંક આવે કોઈ વાર....પૂજોને.....૨

કાલશૌકરિક કસાઈ પણ છીંક્યો,
દર્દૂર સુર કરે સેવ...પૂજોને૦
તે દેવ કહે મર મર મહાવીરને,
શ્રેણિકને ઘણું જીવ....પૂજોને....૩
કહે અભયને મરો કે જીવો,
ન મર ન જીવ કષાયી ..પૂજોને૦
સુણી શ્રેણિક પૂછે એ વિષયે,
કહે વીર પ્રભુ અકષાયી .. પૂજોને....૪
મરી હું જાઈશ મોક્ષે તું નરકે,
અભય જાશે સુરવાસ....પૂજોને૦
નિત્ય પાંચસો પાડાનો મારક આ,
કસાયી જાશે નરકવાસ ... પૂજોને....૫

કેમ ન જાઉં નરકે વીર કહે દાન,
કપીલાથી દેવરાવ....પૂજોને૦
લે વ્રત, લે પુણીયાનું સામાયિક,
કસાઈ હિંસા અટકાવ....પૂજોને....૬

શ્રેણિક આજ્ઞાન માને કપીલા,
કહે નૃપ ચાટુઓ દે દાન....પૂજોને૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મમણ શેઠની પરે બહુ કૃપણો,
મરી જાય દુર્ગતિ સ્થાન....પૂજોને....૭

ધન મૂર્છાયે કૃપણો સાપ ઉંદરો,
થઈ મરે વારંવાર....પૂજોને૦
ગૌતમ નીતિ ગુણસાગર સૂરિ કહે,
દાનાંતરાય દુઃખકાર....પૂજોને....૮

કાવ્યઃ—કર્માષ્ટ શત્રુર્દ્દનનાય નિત્યં,
પૂજાં જિનેશસ્ય કરોમિ તેઽહમ્;
દ્રવ્યૈર્મહર્ઘ્યૈઃ શુભભાવ યુક્તો,
માં કર્મ મુક્તં હિ કુરુષ્વ દેવ. ૧

મંત્રઃ—ૐ હ્રીં શ્રી પરમ પુરુષાય, પરમેશ્વરાય જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય અંતરાયકર્મ નિવારણાય જલં, ચંદનં, પુષ્પાણિ, વાસચૂર્ણં, ધૂપં, અક્ષતાન્, અષ્ટમંગલં, દર્પણં યજામહે સ્વાહા.

## શ્રી અંતરાય કર્મની પૂજા

### દુહો

લાભાંતરાય કરમ થકી, જીવન પામે લાભ
મન વચ કાયા યત્ન પણ, જ્યાં ત્યાં થાય અલાભ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢાળ-૨

રાગઃ—અજિત જિણંદ શું પ્રીતડી-દેશી

પૂજા કરો જિનદેવની એથી જાએ હો,
લાભનો અંતરાયકે, ધાન્ય પુરે પારાસર નામે,
એક બ્રાહ્મણ હો રાજ્ય અધિકાર પાયકે ...પૂજા. ૧

થઈ પાંચસો સાંતીડા સ્વામી, ખેડુતોથી હો,
કાર્ય કરાવે અપાર કે, એક દિન મધ્યાહ્ને આહારાદિ,
આપ્યા છતાં હો, ખાવા ન દીયે લગાર કે.... પૂજા કરો. ૨

ભૂખ્યા તરસ્યા ખેડુત પશુઓને, વિશેષ ચાંસ હો,
દેવરાવે દુઃખકાર કે, લાભાંતરાય કર્મ બાંધીયું,
ભવ અનેક કરી હો, પુરી દ્વારિકા મઝાર કે....પૂજા કરો. ૩

શ્રીકૃષ્ણ પુત્ર ઢંઢણ થયા, ઢંઢણ રાણીથી હો,
બહુરાજ કન્યા સ્વામી કે; નેમિ પ્રભુની દેશના સુણી,
પામી વૈરાગ્ય હો, થયા મુનિ ગુણ ધામી કે....પૂજા. ૪

લાભાંતરાય ઉદય થતાં, ગોચરી ફરતાં હો,
ન મળે પાણી આહાર કે; કૃષ્ણ પ્રશ્ને નેમિ પ્રભુ કહે,
ઢંઢણ મુનિ હો, સર્વ મુનિ શ્રેષ્ઠ ધાર કે....પૂજા. ૫

ગોવિંદ નમતાં ગોચરી મળી, કૃષ્ણ લબ્ધિથી હો,
જાણી પરઠવા જાય કે; પરઠવતાં શુભ પરિણામે,
કેવલી ઢંઢણ હો, ઉપદેશી સિદ્ધ થાય કે....પૂજા કરો. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છીંકીઓ બંધાવી બળદો મુખે, ઋષભદેવને હો
આહાર લાભ ન થાય કે; લાભ બે આનાથી અધિક
નહીં, પુણીયા શ્રાદ્ધને હો અટકાવે અંતરાય કે.... પૂજા. ૭

વેપાર કરતા કેઈ જીવોને, અંતરાયોદયે હો,
ન મળે ધનમાલ કે, ગૌતમ નીતિ ગુણ સૂરિ કહે,
ધર્મ શિવપ્રદ હો, સેવો છોડી જંજાલ કે.... પૂજા કરો. ૮

કાવ્યઃ-કર્માષ્ટ શત્રુહંનનાય નિત્યં,
પૂજાં જિનેશસ્ય કરોમિ તેડહમ્;
દ્રવ્યૈર્મહર્ઘ્યૈઃ શુભભાવ યુક્તો,
માં કર્મ મુક્તં હિ કુરુષ્વ દેવ. ૧

મંત્રઃ-ૐ હ્રીં શ્રી પરમ પુરુષાય, પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય, અંતરાય કર્મ નિવારણાય જલં, ચંદનં, પુષ્પાણિ, વાસચૂર્ણં, ધૂપં, અક્ષતાન્, અષ્ટમંગલં, દર્પણં યજામહે સ્વાહા.

## શ્રી અંતરાય કર્મની પૂજા

### દુહો

એકવાર ભોગવાય એ, ભોગ વસ્તુ કહેવાય;
ભોગાંતરાય ઉદય થયે, ભોગતણો અંતરાય. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અચલ (વિધિપક્ષ) ગચ્છપ્રર્વતક પરમ પૂજ્ય યુગપ્રધાન



દાદાશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. સા.

અનેક નૃપ પ્રતિબોધક અચલગચ્છાધિરાજ પરમ પૂજ્ય યુગપ્રધાન



દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. સા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢાળ-૩

તર્જ:—મનમંદિર આવો રે

પૂજા તીર્થંકર દેવની રે, ભવભવના પાપ હરે;
તિર્યંચ નરકગતિનો રે, શીઘ્ર ઉચ્છેદ કરે. પૂજા. ૧

મમણ શેઠ મોટો રે, રાજગૃહી પુરીમાં રહે;
ઘોર અંધારી રાતે રે, નદી પુરે કાષ્ટ વહે. પૂજા. ૨

તેને લેવા મમણ શેઠ રે, વર્ષ તે મેઘપુરમાં પડે;
શ્રેણિક બોલાવી પૂછે રે, આ તારું દુઃખ કેમ ટળે. ૩

બે બળદના શિંગડા રે, થઈ જાતાં મુજ દુઃખ ન રહે;
શ્રેણિક કહે દઉં બળદો રે, કહે શેઠ ચિત્ત સુખ ન લહે. ૪

રાજાને બળદો ઘરે રે, બતાવી કહે આવા ખરે;
રત્ન બળદો જોઈ વિસ્મિત રે, નૃપ દઈ શિખ જાય સ્વઘરે. ૫

ભોગાંતરાય ઉદયે રે, મમણ તેલ ચોળા ખાવે;
મહિલાને ઠગી વાણિયો રે, એ ધનના ઘેબર કરાવે. પૂજા. ૬


ઘેબર જમાઈ જમી ગયો રે, શેઠને આત્મભાન થાવે;
શેઠીયા ઘણા રોગીયા રે, ખાવાનું સારું સારું ન પાવે. ૭

સત્તા સમૃદ્ધિ બહુ છતાં રે, મગના પાણી પર જ રહે;
ગૌતમ નીતિ ગુણ સૂરિ રે, કહે જિન પૂજા કર્મ દહે. પૂજા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કચ્છ હાલાર દેશોદ્ધારક, ક્રિયોદ્ધારક
અચલગચ્છાધિપતિ દાદાસાહેબ



પૂ. આ. દેવશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા.

અચલગચ્છ દિવાકર, તીર્થપ્રભાવક
પરમ શાસનપ્રભાવક, અચલગચ્છાધિપતિ



પૂ. આ. દેવશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાવ્યઃ—કર્માષ્ટ શત્રુહનનાય નિત્યં,
પૂજાં જિનેશસ્ય કરોમિ તેઽહમ્,
દ્રવ્યૈર્મહર્ઘ્યૈઃ શુભભાવ યુક્તો,
માં કર્મ મુક્તં હિ કુરુષ્વ દેવ. ૧

મંત્રઃ—ૐ હ્રીં શ્રી પરમ પુરુષાય, પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય. શ્રીમતે જિનેન્દ્રાય, અંતરાય કર્મ નિવારણાય જલં, ચંદનં, પુષ્પાણિ, વાસચૂર્ણં, ધૂપં, અક્ષતાન્, અષ્ટમંગલં, દર્પણં યજામહે સ્વાહા.

## શ્રી અંતરાય કર્મની પૂજા

### દુહો

ઘર વસ્ત્રાલંકાર સ્ત્રી, આદિ છે ઉપભોગ;
ઉપભોગ અંતરાય કર્મથી ન મળે એનો જોગ. ૧

### ઢાળ–૪

તર્જ:—કુસુમની પૂજા કર્મ નશાવે, અથવા મનમોહન સ્વામી.

જિનપતિ પૂજા ચઉગતિ વારે,
અનંત દુઃખોને નિવારે રે; ભવિ૦
ઉપભોગ અનેકવાર ભોગવાયે,
ઉપભોગ વિઘ્ન સુખ વારે રે. ભવિ૦ ૧

જનક સુતા રામ પત્ની સીતાને,
રડતી રાવણ લઈ જાય રે; ભવિ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિયોગ પામી પતિનો સતી સીતા,
લંકેશ વશ નવી થાય રે. ભવિ૦ ૨

રામ લક્ષ્મણ રાવણને મારી,
સીતા અયોધ્યામાં લાવ્યા રે; ભવિ૦
લોકાપવાદ ભીરુ રામચન્દ્રે,
સીતા અરણ્યે તજાવ્યા રે. ભવિ૦ ૩

અંજના શંક્તિ પવનંજય પરણ્યો,
પ્રહસિત મિત્ર આગ્રહથી રે; ભવિ૦
પરણીને ત્યાગી દીધી વર્ષ બાવીશ,
સમજ્યો ચક્રવાકી વિયોગથી રે. ભવિ૦ ૪

આવી અંજના પાસે રહી રાત સાથે,
મુદ્રા દઈ ગયો યુદ્ધ કરવા રે; ભવિ૦
સાસુએ કાઢી પિતાએ ન રાખી,
અરણ્યે અંજના બેઠી રડવા રે. ભવિ૦ ૫

હનુમાન પ્રસવ્યો અંજના સતીએ,
પવનંજય આવ્યો શોક કરતો રે; ભવિ૦
લઈ ગયો અંજનાને દુઃખ ધરતો,
વિયોગાદિ દુઃખોને સ્મરતો રે. ભવિ૦ ૬

રાજ્ય ગુમાવી નળ અરણ્યે ભટકયો,
દમયંતી છોડી નિરાધાર રે; ભવિ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વભવે સાધુને સંતાપી (નૃપ),
ભીમસેન દુઃખિયો અપાર રે. ભવિ૦ ૭

એમ દરિદ્રો વિધવા વિધુરાદિ,
ઉપભોગ અંતરાય પામે રે; ભવિ૦
ગૌતમ નીતિ ગુણસાગર સૂરિ કહે,
કર્મ ત્રોડી રહો શિવધામે રે. ભવિ૦ ૮

કાવ્યઃ—કર્માષ્ટ શત્રુહનનાય નિત્યં,
પૂજાં જિનેશસ્ય કરોમિ તેડહમ્,
દ્રવ્યૈર્મહદ્યૈઃ શુભભાવ યુક્તો,
માં કર્મ મુક્તં હિ કુરુષ્વ દેવ. ૧

મંત્રઃ—ૐ હ્રીં શ્રી પરમ પુરુષાય, પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય, અંતરાય કર્મ નિવારણાય જલં, ચંદનં, પુષ્પાણિ, વાસચૂર્ણં, ધૂપં, અક્ષતાન્, અષ્ટમંગલં, દર્પણ યજામહે સ્વાહા.

## શ્રી અંતરાય કર્મની પૂજા

### દુહો

વીર્યાંતરાય કરમ થકી, જીવ થાય બળહીન;
ક્ષય પામે વીર્યાંતરાય, અનંતબળ આધીન. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢાળ–પ

તર્જ:—ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી

તારક તીર્થંકર પ્રભુ પૂજો, સર્વોત્કૃષ્ટ બળ જેહમાં;
વીર્યાંતરાય કરમથી જાણો,
તરતમપણું જીવ બળમાં રે; ભવિ૦
ભાવે તીર્થંકર પૂજો,
એહસમ દેવ ન બીજો રે. ભવિ૦ ૧

બાર યોધાનું બળ છે ગોધામાં,
દશ ગોધાનું ઘોડામાં;
બાર ઘોડા સમ બળ છે પાડામાં,
પંદર પાડાનું હાથીમાં રે. ભવિ૦ ૨

પાંચસો હસ્તિ બળ કેસરી સિંહમાં,
બે હજાર કેસરી સિંહનું;
બળ એક અષ્ટાપદ પ્રાણીમાં
બળ દશ અષ્ટાપદનું રે. ભવિ૦ ૩

એક બળદેવમાં બે બળદેવ સમ,
બળ હોય એક વાસુદેવનું;
બે વાસુદેવનું બળ ચક્રીમાં,
દશ લાખ ચક્રવર્તીનું રે. ભવિ૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવનપતિના એક નાગેન્દ્રમાં,
બળ એક ક્રોડ નાગેન્દ્રનું;
પ્રથમ દેવલોકના સૌધર્મ ઈન્દ્રમાં,
એવું કથન જિનદેવનું રે. ભવિ૦ ૫

અનંત ઈન્દ્રો સમ બળ તીર્થંકરની,
એક કનીષ્ટા આંગળીમાં;
અનેક નિર્બળ અનેક મધ્યમ બળ,
અનેક બહુબલી માનવોમાં રે. ભવિ૦ ૬

એક બે, ત્રિ, ચઉ, પંચેન્દ્રિ, તિર્યંચોમાં,
અંતરાયે બળ તરતમતા;
બાહુબલી ચક્રી ભરતને જીત્યા,
વાલી રાવણના વિજેતા રે. ભવિ૦ ૭

ધર્મ આરાધના બળ વૃદ્ધિકારી,
કર્મોનો નાશ કરનારી;
ગૌતમ નીતિ ગુણસાગર સૂરિ કહે,
ધર્મ આરાધો મોક્ષકારી રે. ભવિ૦ ૮

કાવ્યઃ—કર્માષ્ટ શત્રુહનનાય નિત્યં,
પૂજાં જિનેશસ્ય કરોમિ તેઽહમ્ ;
દ્રવ્યૈર્મહર્ઘ્યૈઃ શુભભાવ યુક્તો,
માં કર્મ મુક્તં હિ કુરુષ્વ દેવ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંત્રઃ—ૐ હ્રીઁ શ્રી પરમ પુરુષાય પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય અંતરાય કર્મ નિવારણાય જલં, ચંદનં, પુષ્પાણિ, વાસચૂર્ણં, ધૂપં, અક્ષતાન્, અષ્ટમંગલં, દર્પણું યજામહે સ્વાહા.

## શ્રી અંતરાય કર્મની પૂજા

### દુહો

દોષ રહિત છે જિનવરા, અનંત ગુણુ ભંડાર;
ત્રુટે તસ પૂજા થકી, અંતરાય દુઃખકાર. ૧

### ઢાળ-૬

તર્જઃ—મનમોહન મેરે

જિન પૂજા દુઃખહર કહી, મનમોહન મેરે,
મૂકી અન્ય જંજાલ મનમોહન મેરે;
પ્રભાતે મધ્યાહ્ને સંધ્યાયે મનમોહન મેરે,
પૂજો જિન ત્રણુ કાલ મનમોહન મેરે. ૧

વર જલ ચંદન કેસરે મનમોહન મેરે,
કર્પૂરાત્તર પુષ્પધાર મનમોહન મેરે;
વર્ય વાસચૂર્ણ ધૂપથી મનમોહન મેરે,
પૂજો જિન ભક્તિ સાર મનમોહન મેરે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અક્ષતથી સ્વસ્તિક કરી મનમોહન મેરે,
બતાવી ચઉ પાંખડી વિચાર મનમોહન મેરે;
નરક તિર્યંચ નર દેવની મનમોહન મેરે,
કહું પ્રભુ ચઉગતિ વાર મનમોહન મેરે. ૩

જ્ઞાન દર્શન ચારિત્રને મનમોહન મેરે,
માગો કરી પુંજ ત્રણસાર મનમોહન મેરે;
સિદ્ધશિલાએ શિવ માગીએ મનમોહન મેરે,
દ્યો પ્રભુ શિવ દાતાર મનમોહન મેરે. ૪

અષ્ટમંગલે પૂજા કરો મનમોહન મેરે,
પલ પલ મંગલ થાય મનમોહન મેરે;
અપમંગલ દૂર ટળે મનમોહન મેરે,
ત્રુટ તો રહે અંતરાય મનમોહન મેરે. ૫

દર્પણે જિન પૂજા કરો મનમોહન મેરે,
દર્પણમાં જિન જોઈ મનમોહન મેરે;
ભારે કર્મી સ્વાત્મા નિંદજો મનમોહન મેરે,
નિજ આત્મા નિર્મલ હોઈ મનમોહન મેરે. ૬

ઉચ્ચ દ્રવ્યે અંગ પૂજીને મનમોહન મેરે,
અગ્ર પૂજા કરો સાર મનમોહન મેરે,
ભાવ પૂજાએ જિનગુણ સ્તવો મનમોહન મેરે,
ચામર નૃત્ય વાદ્ય ધાર મનમોહન મેરે. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરો કરાવો જિન પૂજના મનમોહન મેરે,
અનુમોદો કર્મક્ષય થાય મનમોહન મેરે;
ગૌતમ નીતિ ગુણ સૂરિ કહે મનમોહન મેરે,
પૂજા ટાળે અંતરાય મનમોહન મેરે. ૮

કાવ્યઃ—કર્માષ્ટ શત્રુર્હનનાય નિત્યં,
પૂજાં જિનેશસ્ય કરોમિ તેઽહમ ;
દ્રવ્યૈર્મહર્ઘ્યૈઃ શુભભાવ યુક્તો,
માં કર્મ મુક્તં હિ કુરુષ્વ દેવ. ૧

મંત્રઃ—ૐ ह्रीँ શ્રી પરમ પુરુષાય, પરમેશ્વરાય જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય અંતરાય કર્મ નિવારણાય જલં, ચંદનં, પુષ્પાણિ, વાસચૂર્ણં, ધૂપં, અક્ષતાન્, અષ્ટમંગલં, દર્પણં યજામહે સ્વાહા.

## શ્રી અંતરાય કર્મની પૂજા

### દુહો

જિન દર્શન પૂજાદિનો, જેહ કરે અંતરાય;
અનંતકાળ દુઃખી રહે, ભવોભવ દુર્ગતિ પાય. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢાળ-૭

પ્રતિમા લોપી પાપી એવા મેં,
બહુ કર્યા જગ અપકાર રે;
જિનદર્શન પૂજા કરતા ને,
વાર્યા કહી પાપ દ્વાર રે. પ્રતિમા૦ ૧
બહુને જિનાલય જિનપ્રતિમાના,
દ્વેષી કરી કર્યા પાપ રે;
શત્રુંજયાદિ મહા તીર્થયાત્રાથી,
વંચિત રાખ્યા અમાપ રે. પ્રતિમા૦ ૨
જિનાલય નિર્માણ જીર્ણોદ્ધાર,
તીર્થોદ્ધારાદિથી વંચિત રે;
કર્યા કરાવ્યા બહુ જીવોને,
કરાવ્યા બહુ કર્મ સંચિત રે. પ્રતિમા૦ ૩
જિનાલયોને છોડી રામદેવપીર,
જખદેવ હાજીપીરે ભટકે રે;
સંતોષી આશાપુરાદિ મિથ્યાત્વી,
દેવોને સેવતાં ન અટકે રે. પ્રતિમા૦ ૪
સ્ત્રી ઋતુધર્મ પાલન અટકાવી,
દેવ ગુરુ ધર્મ કેરી રે;
કરાવી આશાતના દુઃખદાયી,
જ્ઞાનાશાતના અનેરી રે. પ્રતિમા૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામ ગોરસ દ્વિદલાદિ વાસી અન્ન,
બોળ અથાણાદિ અભક્ષ રે;
ખાતા કર્યા જૈન નરનારીને,
પાપ કર્યા કેઈ લક્ષ રે. પ્રતિમા૦ ૬

કામળી પાણી સુખડીના સમયને,
અન્ય એવા જૈનાચાર રે;
શાસ્ત્ર સંમત છતાં નહીં માન્યા મેં,
સ્વમત પ્રચાર્યો અપાર રે. પ્રતિમા૦ ૭

પરંપરાએ બહુ જીવ રખડાવ્યા,
શુભ લાભાંતરાય કાર રે;
ગૌતમ નીતિ ગુણસાગરસૂરિ કહે,
પ્રતિમા લોપ પાપાગાર રે. પ્રતિમા૦ ૮

કાવ્યઃ—કર્માષ્ટ શત્રુહંનનાય નિત્યં,
પૂજાં જિનેશસ્ય કરોમિ તેઽહમ્;
દ્રવ્યૈર્મહર્ધ્યૈઃ શુભ ભાવ યુક્તો,
માં કર્મ મુક્તં હિ કુરુષ્વ દેવ. ૧

મંત્રઃ—ૐ હ્રીં શ્રી પરમ પુરુષાય, પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય અંતરાયકર્મ નિવારણાય જલં, ચંદનં, પુષ્પાણિ, વાસચૂર્ણં, ધૂપં, અક્ષતાન્, અષ્ટમંગલં, દર્પણં યજામહે સ્વાહા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી અંતરાય કર્મની પૂજા

## દુહો

દીક્ષાર્થી અટકાવીયા, કર્યાં સંયમ અંતરાય;
બાળ દીક્ષા વિરોધ કરી, પાપ કર્યાં વિઘ્નદાય. ૧

## ઢાળ-૮

તર્જ:—વ્રત સાતમે વિરતિ આદરું રે લોલ

જિનનાથ સેવો વર ભાવથી રે લોલ,
જિન અનંત જીવ તારનાર જો;
બાંધ્યા અંતરાયકર્મ અતિ આકરા રે લોલ,
કેમ છૂટીશ હું પ્રભુ દુ:ખહાર જો. જિન૦ ૧

કતલખાના ચલાવ્યા લાખો જીવને રે લોલ,
નિર્દયતાએ માર્યા મારાવાય જો;
મચ્છા ઉદ્યોગ મત્સ્ય ઉદ્યોગને રે લોલ,
કરવા વિકસાવવા મત દેવાય જો. જિન૦ ૨

સજીવ ધાન્ય ચક્કી ઘાણીમાં આપિયા રે લોલ,
લાખો જીવો ખદબદતા પીસાય જો;
ચુલ્લા ભઠ્ઠીમાં જીવો ઘણા બાળિયા રે લોલ,
વન દાહે ભસ્મીભૂત કરાય જો. જિન૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુઠું બોલી ચોરી કરી રીબાવિયા રે લોલ,
મૈથુન પરિગ્રહે જીવ હણ્યા ધાર જો;
જીવો બાંધ્યા શુકાદિ પાંજરે ધર્યા રે લોલ,
આશા ભાંગી બન્યો ત્રાસકાર જો. જિન૦ ૪

ક્રોધ માન માયા લોભ રાગદ્વેષથી રે લોલ,
બહુ કર્મો બાંધ્યા છોડાવો દેવ જો;
કરી પાપો ભવોભવ ભટકીયો રે લોલ,
નહીં કરી તારક તુમ સેવ જો. જિન૦ ૫

તુમ આગમ પ્રતિમા આધાર છે લોલ,
ભવિ જીવોને દુઃષમકાળમાંય જો;
જિન પૂજા વિઘ્નકર હિંસાદિ કરી રે લોલ,
જીવો બાંધે કરમ અંતરાય જો. જિન૦ ૬

સ્થિતિ ઉત્કૃષ્ટ અંતરાય કર્મની રે લોલ,
ત્રીશ કોડાકોડી સાગરોપમ ધાર જો;
રાજા રીઝે છતાં ભંડારી વારતા રે લોલ,
અંતરાયકર્મ સ્વભાવ સાર જો. જિન૦ ૭

તપ કર્મ સૂદનાદિ વિવિધ કરો રે લોલ,
અન્ય કર્મ સહ જાય અંતરાય જો;
ગૌતમ નીતિ ગુણસાગરસૂરિ કહે રે લોલ,
અષ્ટકર્મ જતાં મોક્ષ થાય જો. જિન૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાવ્યઃ—કર્માષ્ટ શત્રુહર્નનાય નિત્યં,
પૂજાં જિનેશસ્ય કરોમિ તેઽહમ્;
દ્રવ્યૈર્મહર્ઘ્યૈઃ શુભભાવ યુક્તો,
માં કર્મ મુક્તં હિ કુરુષ્વ દેવ. ૧

મંત્ર – ૐ હ્રીઁ શ્રી પરમ પુરુષાય પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય અંતરાય કર્મની નિવારણાય જલં, ચંદનં, પુષ્પાણિ, વાસચૂર્ણં, ધૂપં, અક્ષતાન્, અષ્ટમંગલં, દર્પણં યજામહે સ્વાહા.

## શ્રી અંતરાય કર્મ પૂજાનો—કળશ

રાગઃ—ધન્યાશ્રી

ગાયા ગાયા રે મેં વીર પ્રભુ ગુણ ગાયા.

ઘોર તપસ્યા કરી પ્રભુ વીરે,
કર્મ કાટ હટાયા;
ઘાતી કર્મ હણી કેવલ લહી,
મુક્તિ માર્ગ બતાયા રે; મેં વીર....૧

જ્ઞાન દર્શનાવરણી મોહની સહ,
ઘાતી અંતરાય કહાયા;
ચારે ઘાતી કર્મ હણ્યા વિણ,
કેવલ કોઈ ન પાયા રે. મેં વીર....૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વપર કલ્યાણને કરવા જેમણે,
શિથિલાચાર નિવાર્યા;
ઉગ્ર તપસ્વી ઉગ્ર સંયમી,
આર્યરક્ષિત સૂરિ રાયા રે. મેં વીર....૩

અજોડ વિદ્વાન વક્તા સંયમી,
અચલગચ્છપતિ પાયા;
જૈન કર્યા જેણે લાખો ક્ષત્રિય,
શિષ્ય જયસિંહ સૂરિ રાયા રે. મેં વીર ...૪

ધર્મઘોષ મહેન્દ્રસિંહ સિંહપ્રભ,
અજિત દેવેન્દ્રસિંહ આયા;
ધર્મપ્રભ સિંહતિલક મહેન્દ્રપ્રભ,
મેરુતુંગ જયકીર્તિ રાયા રે. મેં વીર ...૫

જયકેસરી સિદ્ધાંતસાગર ભાવ–
સાગર ગુણનિધિ આયા;
ધર્મમૂર્તિ કલ્યાણસાગર સૂરિ,
પટ્ટાનુપટ્ટે સૂરિ રાયા રે. મેં વીર ..૬

ત્યાગીશ્વરા પ્રભાવક સર્વે
અચલગચ્છેશ સવાયા;
પટ્ટાનુપટ્ટે ગૌતમ સાગર સૂરિ,
ગુણસાગર સૂરિ આયા રે. મેં વીર....૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતરાય કર્મની પૂજા જેમણે,
શિષ્યાગ્રહથી બનાયા;
બે હજાર છત્રીશ વિક્રમ વર્ષે,
પોષ સુદિ પંચમી પાયા રે. મેં વીર ...૮

મુંબઈ મુલુન્ડ અચલગચ્છના,
ઉપાશ્રયે ગુણ ગાયા;
મુલુન્ડ જિનાલયે બિરાજમાન પ્રભુ,
વાસુ પૂજ્ય સુપસાયા રે. મેં વીર .. ૯

નૃત્યાદિ સહ વિવિધ વાદ્યથી,
સંગીતજ્ઞોએ ભણાયા;
ઘર ઘર મંગલ જય જયકારા,
પૂજાએ બહુ સુખદાયા રે. મેં વીર.. ૧૦

[ અંતરાય કર્મ નિવારણ પૂજા સમાપ્ત ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પંચ પરમેષ્ઠી સ્તવન

રાગઃ—તને સાચવે પાર્વતી

શાસન બાગમાં પરમેષ્ઠી સાર, કરું કોટી વંદના
શોભે પંચરંગી મનોહાર....કરું કોટી

શાસન બાગમાં પરમેષ્ઠિ સોહામણાં
કરું પ્રથમ જિનપદને હું વંદના
બીજે સિદ્ધ નમું ભગવાન....કરું કોટી

ત્રીજે આચાર્ય પંચાચારને
પાળે પળાવે ભવ્ય જીવોને
તેના ચરણે નમું વારંવાર....કરું કોટી

નીલવર્ણી પાઠક સોહામણાં
બે કરજોડી કરું હું વંદના
સંસાર સાગર કરવા પાર....કરું કોટી

પદ પાંચમે નમું હું મુનિવરને
જેથી પામીશ હું મુક્તિ મંદિરને
હેમ પરમેષ્ઠીનાં ગુણ ગાય....કરું કોટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવકાર મંત્રનો છંદ

( સમરો મંત્ર ભલો નવકાર )

સમરો મહામંત્ર નવકાર, એ છે જિન શાસનનો સાર;
એનો મહિમા અપરંપાર, નવપદધર એ મોક્ષ દાતાર. ૧

ચૌદ પૂર્વસહ સર્વશાસ્ત્રનો, સાર અર્થ ભંડાર;
જસ અડસઠ અક્ષર સવિતીરથ, અષ્ટ સંપદા ધાર. ૨

સર્વ કષ્ટ દુઃખ દુર્ગતિ નાશક, મંત્રાધિક છે એહ;
સુખ દુઃખ સર્વ સમયમાં સમરો, મહા પ્રભાવક સ્નેહ. ૩

ઋદ્ધિ સિદ્ધિ લબ્ધિનો દાયક, મહા મંગળ યશકાય;
ત્રિભુવનમાં નહિ મંત્ર એહસમ, સુરનરપતિ ગુણ ગાય. ૪

સર્પ અગ્નિ જલ શ્વાપદ સંકટ, સ્મરતાં ક્ષણમાં જાય;
ગૌતમ-નીતિ ગુણ કહે જિનપદ, નવનિધિ સવિ સુખ થાય. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## —: અમારા ભાવિ પ્રકાશનો :—

૧૫. બારવ્રતની પૂજા
૧૬. અષ્ટકર્મ નિવારણ પૂજા ( ચોસઠ પ્રકારી લઘુપૂજા )
૧૭. પંચજ્ઞાન તથા પીસ્તાલીશ આગમ પૂજા
૧૮. આદિનાથ પંચકલ્યાણક પૂજા
૧૯. મહાવીર પંચકલ્યાણક પૂજા
૨૦. પંચતીર્થી પંચકલ્યાણક પૂજા
૨૧. વીશસ્થાનક પૂજા
૨૨. વેદનીયકર્મ નિવારણ પૂજા
૨૩. અંતરાયકર્મ નિવારણ પૂજા
૨૪. શ્રી અષ્ટાપદ પૂજા
૨૫. વાસ્તુક પૂજા
૨૬. નંદીશ્વરતીર્થ પૂજા
૨૭. આર્યરક્ષિતસૂરિ પૂજા
૨૮. આર્ય કલ્યાણ ગૌતમ સ્મૃતિ-ગ્રંથ સચિત્ર
૨૯. બારસા સૂત્રની ઢાળ
૩૦. ગુણ મંજુ
૩૧. ગુણ મંજુ

Serving JinShasan
106639
gyanmandir@kobatirth.org

For Private And Personal Use Only